| Innovation ID | DTP0010000002520 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** પશુને આફરો (Bloat)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** Lok(૧)૩ may-june-૧૯૯૬, pg.no.-૧૦

**Brief** પશુને આફરો (Bloat) થયો હોય તો હળદર (Curcuma longa), મીઠું, પાણી, અજમો (Carum copticum), ડુંગળી (Allium cepa), લીબું (Citrus limon), કોઠમડુ (Cucumis callosus) અને છાશનો ઉપયોગ

**Detail** પશુને આફરો (Bloat) ચડે તો પશુનું ડાબી બાજુનું પેટ ફૂલી જાય છે, જ્યારે પેટ ઉપર ટપલી મારે ત્યારે ઢોલ જેવો અવાજ આવે છે, પશુની જીભ બહાર નીકળી જાય છે, મોઢોમાંથી લાળ પડે છે, પશુને ક્યારેક ઉલ્ટી પણ થાય છે, શ્વાસ લેવામાં તકલીફ પડે છે, પશુ ઉઠ-બેસ કરે છે, પશુ પાછલા પગેથી લાત મારવા પ્રયત્ન કરે છે, સામાન્ય તાવ રહે છે, પશુ વાગોળવાનું બિલકુલ બંધ કરે છે અને પશુ બેચેની અનુભવે છે.

ખેડા જિલ્લાના સુતારિયા ગામના કમળાબહેન પંચાલ કહે છે કે આફરાના ઈલાજ માટે અમે પશુના પેટના ફૂલી ગયેલા ભાગ ઉપર હળદર (Curcuma longa) અને ૫૦ ગ્રામ મીઠું લઈ તેમાં થોડું પાણી ઉમેરી, પશુના બરડા ઉપર પાંચ સાત મિનિટ સુધી ઘસીએ છીએ. ત્યારબાદ ૧૦૦ ગ્રામ જેટલો અજમો (Carum copticum), ચાર થી પાંચ નંગ ડુંગળી (Allium cepa), એક લીંબુ અને કોઠમડું (Cucumis callosus) આ પદાર્થોને બરાબર વાટી, બે લિટર છાશમાં મિશ્ર કરી, નાળ વડે પશુને પીવડાવવાથી ઝાડા વાટે અથવા વાગોળવાથી ક્રિયા દરમ્યાન ગેસ બહાર નીકળી જવાથી આરામ થાય છે.

વસ્પતિની ઓળખઃ- કોઠમડું વેલાવાળી વનસ્પતિ છે જે ચોમાસામાં જોવા મળે છે. તેના પર પીળા રંગના ફૂલ આવે છે અને ચોમાસાના અંતમાં ફળ બેસે છે. તેના ફળ લંબગોળ થાય છે. ફળનો ખાવામાં ઉપયોગ થાય છે. સ્વાદે ખાટ-મીઠાં અથવા કડવા પણ હોય છે. તેના પાન ૪થી ૫ ઈંચ ગોળ ખાંચા-ખુચી વાળા જોવા મળે છે. ખેડૂતો કોઠમડાના ફળને સૂકવીને સંઘરી રાખે છે. જેથી જરૂર પડે તેનો ઉપયોગ કરી શકાય. આ પદ્ધતિ પરંપરાગત છે.

અન્ય જાણકાર વ્યક્તિઃ-
(૧) કમલેશકુમાર રમણભાઈ ઠાકોર
(૨) મનોજભાઈ કાલીદાસભાઈ પંચાલ
(૩) રાજેન્દ્રભાઈ બાબુભાઈ ઝાલા
(૪) વિક્રમભાઈ ભવનભાઈ ઠાકોર
(૫) રમેશકુમાર નારણભાઈ પટેલ

(ડૉ. જયવીર અંજારીયા જણાવે છે કે, સડેલા પદાર્થો ખાવાથી આથો આવવાની ક્રિયાને આફરો ચડયો કહે છે. જેને પુષ્ઠતાણ પણ કહે છે. પુષ્ઠતાણ નષ્ટ કરે તેવો કોઈ પણ પદાર્થ વાપરી શકાય. અહીં ઉલ્લેખ કરેલ પદાર્થો પણ તેમાં મદદરૂપ થાય તેમ છે. જો ઉપરોક્ત પદાર્થો ન મળે તો ટરપેન્ટાઈન ૩૦ થી ૬૦ મિલી અને અડધો કિલો સીંગતેલ પાવાથી પણ રાહત થાય છે.)

(નોંધઃ- આ પદ્ધતિનું પી.આઈ.સી. ૧૪ માર્ચ, ૨૦૦૭માં કિરણસિંહ આર. રાઠવાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે અને હાલમાં પણ ઉપયોગ કરે છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** હળદર (Curcuma longa), મીઠું, પાણી, અજમો (Carum copticum), ડુંગળી (Allium cepa), લીબું (Citrus limon), કોઠમડુ (Cucumis callosus)અને છાશ

**IPR Status**

**Keywords** પશુ, આફરો, Bloat, હળદર, Curcuma longa, મીઠું, પાણી, અજમો Carum copticum, ડુંગળી, Allium cepa, લીબું, Citrus limon, કોઠમડુ, Cucumis callosus, છાશ, ખેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૮૩ | Member Type | Scout | | |
| First Name | રાજેશ | Middle Name | કે | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૦૪ | Member Type | Innovator | | |
| First Name | કમળાબેન | Middle Name | કાળીદાસ | Last Name | પંચાલ |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સુતારિયા | Taluka | બાલાસિનોર | | |
| District | Kheda | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
કમળાબહેનની ઉંમર ૬૦ વર્ષની છે. તેમના પતિ કાલીદાસ મરણ થયેલા છે. તેમના પરિવારમાં ૧ દિકરો અને ૨ દિકરી છે. તેમની પાસે ૬ વિઘા જેટલી જમીન છે. તેમાં તેઓ બાજરી, મકાઈ, એરંડા, ઘઉં જેવા પાકો પકવે છે. તેમને પિયતની સુવિધા છે. કેનાલ દ્વારા પાણી મળી રહે છે. તેમને પશુઓમાં ૧ ભેંસ અને ૧ પાડું છે. તેમના આવકનાં સાધનો ખેતી અને પશુપાલન  પર આધાર રાખે છે. તેમને રહેવા માટે પાકું મધ્યમ મકાન છે. તેમની આર્થિક સ્થિતિ મધ્યમ છે.

ગામનો પરિચય:
સુતરિયા ગામની વસ્તી અંદાજે ૨૫૦૦ જેટલી હશે. ગામમાં પંચાયત, પોસ્ટ ઓફિસ, આંગણવાડી, બાલવાડી, પાણીની ટાંકી, દૂધ મંડળી, સહકારી મંડળી જેવું આવેલું છે. ગામમાં ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા તથા ૮ થી ૧૦ ધોરણની માધ્યમિક શાળા આવેલી છે. ઉત્સવોમાં દિવાળી, હોળી, નવરાત્રી, ઉત્તરાયણ જેવા ઉત્સવો ઉજવે છે. જમીન કાળી ચીકણી જોવા મળે છે. પાકમાં ઘઉં, બાજરી, મકાઈ, એરંડા જેવા પાકો પકવે છે. વૃક્ષોમાં લીમડા, વડલા, બાવળ જેવા જોવા મળે છે. જ્ઞાતિમાં પંચાલ, વણકર, ઠાકોર, હરિજન, પટેલ, ઝાલા જ્ઞાતિના લોકો વસે છે. તેઓના આવકનાં સાધનો ખેતી પશુપાલન પર આધાર રાખે છે. ગામથી તાલુકાનું અંતર અંદાજે ૧૨ કિ.મી દૂર આવેલો છે. જ્યારે જિલ્લો ગામથી ૪૫૦ કિ.મી દૂર આવેલો છે. ગામમાં કાચા રસ્તા આવેલાં હોવાથી વાહન વ્યવહારની અવર જવર ઓછી જોવા મળે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૫ | Member Type | Verifier | | |
| First Name | કિરણસિંહ | Middle Name | રતનસિંહ | Last Name | રાઠવા (ચૌહાણ) |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. મેઘરી, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | |
|---|---|---|
| Innovation ID | DTP0010000002791 | Sr No : 2 |

**Innovation Title**: પશુને ઘા (Wound)

**Category**: પશુ સંવર્ધન

**Notebook Number**: lok (૫) ૧, Jan- Feb-૨૦૦૦, Pg No. ૮

**Brief**: પશુને ઘા (જખમ) (Wound) પડે ત્યારે કરકરીયાના પાનનો ઉપયોગ

**Detail**:

પશુઓમાં ઘા (Wound) અનેક પ્રકારની બાહ્ય ઈજાઓથી થાય છે. તીક્ષ્ણ અણીદાર ઓજારો કે ધારવાળા ઓજારોના ઉપયોગથી પશુને ઈજા થઈ શકે છે. આ ઉપરાંત, ગૌચરમાં પશુઓ ચરતાં હોય ત્યારે તારની વાડ વાગવાથી કે અંદરોઅંદર ઝઘડવાથી પશુને જખમ થવાની સંભાવના રહે છે. પશુને ઘા વાગ્યો હોય તે જગ્યાએથી રક્તસ્ત્રાવ થાય છે, વેદના થાય છે તથા સોજો આવે છે.

ખેડા જિલ્લાના પરમાભાઈ પશુના ખૂલ્લા ઘા (Wound) માં રૂઝ લાવવા માટે કરકરીયાના પાનનો ઉપયોગ કરે છે. આશરે ૨૦૦ ગ્રામ જેટલા કરકરીયા છોડના પાન લઈ તેમાં ૫૦ મિ.લિ. જેટલું પાણી ઉમેરી વાટીને મલમ (લેપ) જેવું બનાવવામાં આવે છે. આ લેપને પશુના ખુલ્લા જખમને સ્વચ્છ પાણીથી સાફ કર્યા બાદ દિવસમાં બે- વાર એમ ૪-૫ દિવસ સુધી લગાવવાથી એક અઠવાડિયામાં પશુનો ઘા રૂઝાઈ જાય છે.

વનસ્પતિની ઓળખ

કરકરીયાના પાન રૂવાંટીવાળા અને ખરબચડા હોય છે. તેને પીળા રંગના ફૂલ આવે છે.

કરકરીયા વનસ્પતિ પાણી હોય ત્યાં ખેતરમાં થાય છે. ઘાસ પશુ ખાય છે. માણસોને ફોડલી થઈ હોય તો પગે લગાડવાથી મટે છે. આ પદ્ધતિ ૫ વર્ષથી જાણે છે.

**Method of Use**:

**Caution**:

**Benefit**:

**Condition**:

**Material Used**: કરકરીયાના પાન

**IPR Status**:

**Keywords**: ઘા, જખમ, Wound, પશુ, કરકરીયા, પાન, પાણી, ખેડા,

| | | | |
|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૩૨ | Member Type | Innovator |

First Name: પરમાભાઈ | Middle Name: કોહ્યાભાઈ | Last Name: વણકર

Profession: ખેતી,પશુપાલન | Designation: ખેડૂત,પશુપાલક

Address 1:

Village: મુ. સુતારીયા | Taluka: બાલાસિનોર

District: Kheda | State: Gujarat | Country: India

Biography:

ખેડૂતનો જીવન પરિચય-

ખેડૂતની ઉમર ૪૬ વર્ષની છે. તેમની પાસે ચાર વિઘા જમીન છે. તેઓની અડધી ખેતી બીન પિયત છે. ખેડૂત ખેતીમાં મુખ્ય કપાસ, દિવેલા, મકાઈના પાકોનું વાવેતર કરે છે. સાથે પશુપાલન પણ કરે છે. તેમના પરિવારમાં ૬ છોકરા છે. તેમની આર્થિક પરિસ્થિતી મધ્યમ છે. તેમનું મકાન મધ્યમ પાકુ છે.

ગામનો પરિચય-

વસ્તી- ૫૦૦ ઘર છે.

ગામમાં રહેતી જ્ઞાતિ- રાઠોડ, પટેલ, વણકર, હરીજન, રાવળ, સુથાર અને લુહાર લોકો રહે છે.

ગામમાં થતા ખેતી પાકો- ગામમાં મુખ્ય કપાસ, દિવેલા, મકાઈ, શાકભાજી, કઠોળ વર્ગના પાકો તેમજ અમુક ખેડૂતો તમાકુના પાકનું વાવેતર કરે છે. ખેતી સાથે પશુપાલન વિકસેલ છે.

ગામમાં શિક્ષણ- બાલવાડી, પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ સુધીના અભ્યાસની વ્યવસ્થા છે. ગામ લોકોમાં શિક્ષણનું પ્રમાણ સારું છે.

અન્ય સંસ્થા- દૂધ મંડળી, પોસ્ટ ઓફિસ, ગ્રામ પંચાયત, સસ્તા અનાજની દુકાન છે. ગામમાં કોઈ વિશેષ ઈતિહાસ નથી. ગામમાં જવા માટે બાલા સીનોરથી વાહન મળે છે.

| | | | |
|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૩૩ | Member Type | Scout |

First Name: નટવર | Middle Name: | Last Name: માયાવંશી

Profession: | Designation:

Address 1:

Village: | Taluka:

District: | State: Gujarat | Country: India

Biography: